પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વિશેષ શાખા
કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./ગણવેશ/વેચાણ/ ૬૯ A /૨૦૨૨ તારીખ : ૦૫/૦૧/૨૦૨૨

**ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) કલમ-૧૪૪ અન્વયે ગુજરાત પોલીસ અધિનીયમ એકટ સને-૧૯૫૧ ની કલમ- ૬૩(એ)(૨) અન્વયે કાઢેલ હુકમ**

(૧) ભૂતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ઉપર આતંકવાદીઓ સૈન્યનો ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, તેમજ બનાસકાંઠા જિલ્લામાં પણ બે વ્યક્તિઓ સૈન્ય ગણવેશ પહેરી ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતાં પકડાયેલા અને આ સિવાય અગાઉ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્રારા હુમલા કરવામાં આવેલ છે.

(૨) રાજયમાં વિવિધ શહેર/જીલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ઉપયોગ થવાનો સંભવ હોય છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. જેથી આ બાબતે સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઇ, બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

(૩) જેથી સૈન્ય તથા સશસ્ત્ર દળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય દંડ સહિતા ૧૮૬૦ ની કલમ.૧૪૦,૧૭૦ અને ૧૭૧ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોના વેચાણ ભાડે,ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને અનિવાર્ય હોય, જેથી આ સબંધેનું જાહેરનામુ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) કલમ.૧૪૪ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૬૩ (એ)(૨) થી મળેલ સત્તાની રૂએ વાસ્તે હુ ડો.શમશેર સિંઘ (IPS) પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેર આથી હુકમ કરૂ છુ. વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેના ઉપયોગ ઉપર સબંધિત પોલીસ સ્ટેશનમાં જરૂરી માહિતી આપ્યા સિવાય પ્રતિબંધ ફરમાવુ છુ.

જેથી શસ્ત્ર દળોનો ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણ/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરૂરી માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે તેમજ તે અંગેનું રજીસ્ટર વેચાણ કરનાર વ્યક્તિ / સંસ્થાએ નિભાવવાનું રહેશે.

| ભાડે/વેચાણ લઇ જનારની વિગત | | | | | | સાધનોની વિગત | | વિગત | | ભાડે લઇ જનારની સહિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં | ભાડે/વેચાણ લેનારનુ નામ, સરનામુ. | મો.નં. | હેતુ | વિસ્તાર | આઇ.ડી. પ્રુફની વિગત | વિગત | સંખ્યા | ભાડે આપ્યાની તારીખ | સમય | |
| | | | | | | | | | | |

**-: અમલવારીનો સમય :-**

આ જાહેરનામાનો અમલ તા.૦૬/૦૧/૨૦૨૨ ના કલાક ૦૧:૦૦ થી તા.૨૦/૦૧/૨૦૨૨ ના કલાક ૨૪:૦૦ સુધીનો રહેશે.

**-: વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-: અપવાદ :-**

જે વ્યક્તિઓ ભારત સરકારના સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતા હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓને આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યક્તિઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

**-: શિક્ષા :-**

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૪૩(એ)(૨) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

**-: જાહેર વિજ્ઞપ્તિ :-**

તમામને વ્યક્તિગત રીતે આ નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું. આ હુકમનો જાહેર જનતાને જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઈન્સ્પેકટરશ્રી, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે G.P.Act-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ રોજ તારીખ ૦૫ /૦૧/૨૦૨૨ ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપેલ છે.

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

<u>નકલ રવાના :-</u>

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.**